The Baroda Rayon Corporation Ltd.
CIN L45100GJ1958PLC000892
P O Fatehnagar, Udhna, Surat 394 220
Tel : 0261-2899555
Email : admin@brcl.in
Website : www.brcl.in

August 15, 2026

To,
Department of Corporate Services,
BSE Limited
P. J. Towers, Dalal Street,
Mumbai – 400 001

**Sub – Newspaper Advertisement – Publication of Standalone Un-Audited Financial Results of the company for the quarter ended June 30, 2026.**
**Ref – BSE Scrip code – 500270**

Dear Sir,

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, as amended, please find enclosed copies of newspapers advertisement [Financial Express (English) and Pratap Darpan (Gujarati)] edition which contains a Quick Response code and the details of the webpage where complete Standalone Un-Audited Financial Results for the quarter ended June 30, 2026 along with the Limited Review Report are accessible to the investors.

Request you to kindly take the same on your record.

Thanking you,

Yours faithfully,
**For The Baroda Rayon Corporation Limited**

Kunjal S Desai

**Kunjal Desai**
**Company Secretary**

Encl: As Above

The Baroda Rayon Corporation Ltd. PO Fatehnagar (Surat) 394220 *

# દીપ પોલિમર્સ લિ.ની નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નોંધપાત્ર કામગીરી

## કામગીરીમાંથી આવક ૨૦% વધી ૩૦.૦૭ કરોડે પહોંચી; કંપની ઉત્પાદન ક્ષમતા મજબૂત બનાવવા પ્રતિબદ્ધ

અમદાવાદ, તા.૧૫

પ્લાસ્ટિક કલર માસ્ટરબેચીસ, એડિટિવ્સ અને ફિલર કમ્પાઉન્ડ્સનું ઉત્પાદન કરતી દીપ પોલિમર્સ લિમિટેડે ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં મજબૂત કામગીરી નોંધાવી છે. કંપનીની કામગીરીમાંથી આવક નાણાંકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રૂ. ૨૫.૪૦ કરોડની સરખામણીએ ૨૦ ટકા વધીને રૂ. ૩૦.૦૭ કરોડ થઈ છે. કુલ આવક ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. ૨૬.૩૮ કરોડની સરખામણીએ વધીને રૂ. ૩૧.૧૩ કરોડ થઈ છે. કંપનીની નફાકારકતામાં પણ સુધારો થયો છે. કરવેરા પહેલાંનો નફો વાર્ષિક ધોરણે ૩૦ ટકા વધીને રૂ. ૨.૫૪ કરોડ રહ્યો છે, જ્યારે ચોખ્ખો નફો ૩૨ ટકા વધીને રૂ. ૧.૯૦ કરોડ રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ચોખ્ખો નફો રૂ. ૧.૪૪ કરોડ રહ્યો હતો. પ્રતિ શેર કમાણી (ઈપીએસ) પણ રૂ. ૦.૬૦થી વધીને રૂ. ૦.૭૯ થઈ છે. દીપ પોલિમર્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રમેશભાઈ બી. પટેલે જણાવ્યું હતું કે, ‘‘નાણાંકીય વર્ષ ૨૦૨૭ની મજબૂત શરૂઆતથી અમને પ્રોત્સાહન મળ્યું છે. કામગીરીમાંથી આવકમાં ૨૦ ટકાની વૃદ્ધિ થઈ છે અને ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૨ ટકા વધ્યો છે. અમારી પ્રોડક્ટ્સની વધતી માંગ તેમજ કામગીરીની કાર્યક્ષમતા અને શિસ્તબદ્ધ અમલ પર સતત ધ્યાન આપવાના લીધે અમે ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવી શક્યા છીએ. અમારી ઉત્પાદન ક્ષમતાને વધુ મજબૂત બનાવવા, બજારમાં હાજરી વિસ્તારવા અને અમારા ગ્રાહકો તથા શેરધારકો માટે ટકાઉ મૂલ્ય ઊભું કરવા માટે અમે સતત પ્રતિબદ્ધ છીએ.’’ કંપની પોતાની વિસ્તરણ યોજનાઓને પણ આગળ ધપાવી રહી છે.

DEEP MASTERBATCHES

રૂ. ૨૫ કરોડના રોકાણ સાથે સ્થાપવામાં આવેલું તેનું કાલોલના હાજીપુર ખાતેનું યુનિટ પોલીઓલેફિન, એન્જિનિયરિંગ અને પોલિએસ્ટર પ્રોસેસિંગ ક્ષેત્રોની જરૂરિયાતોને પૂરી કરે છે. દીપ પોલિમર્સે બીઓપીપી યુનિટમાં પણ અંદાજે રૂ. ૧૫ કરોડનું રોકાણ કર્યું છે, જેમાં જર્મન મશીનરી અને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, કંપનીએ ગુજરાતમાં પાટણના મુજપુર ખાતે ૨ મેગાવોટના કેપ્ટિવ સોલાર પાવર પ્લાન્ટમાં રૂ. ૧૦ કરોડનું રોકાણ કર્યું છે, જે તેની ઉત્પાદન કામગીરી માટે જરૂરી વીજળીની જરૂરિયાતને ટેકો આપે છે. ક્ષમતા અને ટેકનોલોજીમાં સતત રોકાણ સાથે દીપ પોલિમર્સ નાણાંકીય વર્ષ ૨૦૨૭માં રૂ. ૧૫૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ત્યાર પછીના નાણાંકીય વર્ષમાં કંપની રૂ. ૨૦૦થી ૨૨૫ કરોડનું અને નાણાંકીય વર્ષ ૨૦૨૯ સુધીમાં રૂ. ૩૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.



# સગર્ભાસ્થામાં ભગવાનની આકૃતિ અને દેશ પ્રેમનું ઉત્તમ ઉદાહરણ

## ગર્ભાસ્થાના સાતમાં મહિને આર્ટિસ્ટિક પેપર કટિંક કાર્વિન આર્ટ વર્ક દર્શાવવામાં આવ્યું

સુરત, તા.૧૫

મહિલાના જીવનમાં ગર્ભાવસ્થા ના સમયને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે તે સમય જે પ્રવૃત્તિ કરે છે તેની અસર અને પ્રભુત્વ તે ગર્ભમાં રહેલા બાળક ઉપર થાય છે ..આજના મોબાઈલના જમાના એક ઉત્તમ ઉદાહરણ દ્રષ્ટિ રુચિત મોરડીયાએ પૂરું પાડ્યું છે. એક આર્ટીસ્ટિક પેપર ઉપર આઠ ભગવાન ના અને ભારતનો નકશો તૈયાર કરવામાં આવ્યું ..તેમાં પણ ૬,૧૫૮ વખત ઈશ્વરના અલગ અલગ નામ તથા મહામંત્રો ધ્યાન પૂર્વક સુંદર રૂપે લખવામાં આવ્યા છે. દ્રષ્ટિ મોરડીયાને આ કાર્ય માટે પ્રોત્સાહન આપનાર મીરેકલ ગર્ભ સંસ્કારના ફાઉન્ડર અમીષા પટેલ હતા અને તેમણે જણાવ્યું હતું કે, જ્યારે માતાની ભીતર રહેલું શ્રેષ્ઠ બાહર લાવવામાં આવે ત્યારે માતાનો આત્મવિશ્વાસ, એકાગ્રતા, ધીરજ જેવા ગુણોનો વિકાસ થાય છે. માત્ર વાત નહીં પણ ક્રિએટિવિટી સાથે સ્વયમને જોડવું અને સમયનો, નવ મહિનાનો સદઉપયોગ કરવો. આ સમજણ દરેક સગર્ભા માતાએ કેળવવી જોઈએ. ગર્ભાસ્થા સમયે ન કામની હોઈ તેવી વસ્તુ પોતાનો સમય વેડફે છે તેમાં સૌથી વધુ મોબાઈલ રીલ જોવામાં જતો રહે છે જો તે સમયને માતા આવી રીતના ક્રિએટિવ અને અનોખા સર્જનમાં લગાવે.તો બાળક મગજનો તેમજ શારીરિક અને ભાવનાત્મક વિકાસ ખૂબ સારો થાય.

# કૌશલ વિદ્યાભવનમાં ગુંજ્યા દેશભક્તિના સૂર

## નાનકડા ભૂલકાઓએ શ્રોતાઓને કર્યા મંત્રમુગ્ધ




નાના-વરાછા સ્થિત કૌશલ વિદ્યાભવનમાં તાજેતરમાં એક ભવ્ય દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના ધોરણ ૩ અને ૪ ના બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.હાથમાં તિરંગો અને હૃદયમાં દેશપ્રેમ સાથે નાનકડા ભૂલકાઓએ સ્ટેજ પર આવીને એકથી ચઢિયાતા દેશભક્તિના ગીતો રજૂ કર્યા હતા. બાળકોના સુરીલા કંઠ, સુંદર સૂર-તાલ અને અદભુત આત્મવિશ્વાસે ત્યાં હાજર રહેલા શિક્ષકો સહિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા.શાળા વહીવટીતંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, બાળકોમાં નાનપણથી જ રાષ્ટ્રપ્રેમની ભાવના સુદ્રઢ થાય અને તેમનું સ્ટેજ કૌશલ્ય ખીલે તે હેતુથી આ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધાના અંતે વિજેતા બાળકોને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્રહિત પ્રથમનો ભાવ હરહંમેશ હૈયે રાખીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનું આહવાન કર્યું

## ૮૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો પ્રજાજોગ સંદેશ

સુરત, તા.૧૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેશના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ રાજ્યના નાગરિકોને પાઠવેલા શુભેચ્છા સંદેશમાં રાષ્ટ્ર હિત પ્રથમનો ભાવ હરહંમેશ હૈયે રાખીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનું આહ્વાન કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ પાઠવેલા પ્રજાજોગ સંદેશમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ૨૦૪૭માં આઝાદીની શતાબ્દી ઉજવાય તે પહેલાં ગુજરાત પાસે તો ૨૦૩૫માં રાજ્યની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણીની અમૃત તક આવવાની છે. તેમણે આ અમૃત પર્વને દેશના વિકાસના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલી રહેલા અમૃતકાળ સાથે વિકસિત ભારતનો સુવર્ણકાળ બનાવવા સૌ ગુજરાતીઓને પ્રેરણા આપી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેશને આઝાદી અપાવનારા વીર શહિદો અને નામી-અનામી સ્વાતંત્ર્ય વીરોનું સ્મરણ કરીને તેમના ત્યાગ, તપસ્યા અને બલિદાનને બિરદાવ્યા છે.

આઝાદીના આઠ દાયકા આ વર્ષે ગૌરવભેર પૂરા કરીને શતાબ્દી વર્ષ તરફ આપણે આગળ વધી રહ્યાં છીએ. દેશને આવી મહામૂલી સ્વતંત્રતા અપાવનારા આઝાદીના લડવૈયાઓ, દેશ માટે વીરગતિ વ્હોરનારા નામી-અનામી અનેક સ્વાતંત્ર્ય વીરોને વંદન કરૂં છું. એમણે આપેલી એ વિરાસતના સન્માન અને દેશના સ્વાભિમાન સાથે દુનિયાના દેશો સમક્ષ એક વિશિષ્ટ છબી ભારતે મૂકી છે. આઝાદી માટે ખપી જનારા વીરોનો મંત્ર હતો દેશ માટે મરી ફિટવાનો, રાષ્ટ્રકાજે સમર્પિત રહેવાનો. આજે જન-જનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને પ્રેરણાથી દેશ માટે જિવી જાણવાનો અને રાષ્ટ્રહિત પ્રથમનો મંત્ર ગુંજે છે. દેશની વિરાસતોનું ગૌરવ કરવાના અનેક અવસરો પણ શ્રી મોદી સાહેબે આપણને આપ્યા છે. સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષની ઉજવણીથી આપણે સનાતન સંસ્કૃતિની વિરાસતને ગૌરવમય બનાવી છે. વિરાસતોના ગૌરવ સાથે વિકાસની નીત નવી ઉંચાઈઓ આપણે વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં ’વિરાસત ભી વિકાસ ભી’ થી પાર કરી છે. તેમણે વિકસિત ભારત ૨૦૪૭ના નિર્માણનો જે સંકલ્પ કર્યો છે તેમાં ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિને મુખ્ય આધાર ગણાવ્યાં છે. આપણે પણ ગુજરાતમાં આ ચાર પિલ્લરના સશક્તિકરણ માટે અનેક આયામો પાર પાડ્યા છે. ગરીબો, વંચિતો અને જરૂરતમંદ લોકોને કલ્યાણ યોજનાઓના કેન્દ્રમાં રાખીને સેચ્યુરેશન એપ્રોચથી સો ટકા લોકો સુધી યોજનાઓના લાભ પહોંચાડી રહ્યાં છીએ. યુવા શક્તિના કૌશલ્યથી સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને વધુ મજબૂત બનાવવા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસી પણ અમલી બનાવી છે. ડેટા, છેં ઈનોવેશન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને પ્રોત્સાહન આપવા પાંચ વર્ષ માટે ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પોલીસી અમલી બનાવી છે. હવે આપણા યુવાનો જોબ સિકરમાંથી જોબ ગિવર બની રહ્યા છે. આવી હોનહાર યુવાશક્તિના ઉજ્જવળ ભવિષ્યને સુરક્ષિત રાખવાનો વડાપ્રધાનશ્રીએ મક્કમ નિર્ધાર કર્યો છે. યુવાઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારાઓને નશ્યત કરવા જાહેર પરીક્ષા સુધારા વિધેયક તાજેતરમાં સંસદે પારિત કર્યું છે. ટેક્નોલોજીનો પારદર્શી ઉપયોગ સુનિશ્ચિત કર્યો છે. અન્નદાતા-ખેડૂતના હિતોને પણ અગ્રતા આપી છે. ટેકાના ભાવે ખરીદી, કિસાન સન્માન નિધિ, દિવસે વીજળી અને સિંચાઈ માટે પૂરતું પાણી એમ બીજથી બજાર સુધી દરેક કદમ પર સરકાર અન્નદાતાની પડખે છે. એટલું જ નહિ, કુદરતી આફતો સામે ઉદાર સહાય પેકેજ આપીને સરકાર ખેડૂતોની હામી બની છે. સમાજનો ૫૦ ટકા હિસ્સો ધરાવતી નારી શક્તિના સ્વાવલંબન માટે પણ સરકારે નક્કર આયોજનો કર્યા છે. રોજગારીના સર્જનમાં નારીશક્તિની ભાગીદારી ૪૨ ટકા છે, તે ૨૦૪૭ સુધીમાં ૭૫ ટકા સુધી લઈ જવાની નેમ છે. પાંચ લાખથી વધુ બહેનો લખપતિ દીદી બનીને પરિવારને આર્થિક આધાર પૂરો પાડે છે. ઉદ્યોગ ક્ષેત્રે શી-સ્ટાર્ટઅપ અને સહાકારી ક્ષેત્રે મહિલા મંડળીઓને પણ પ્રોત્સાહનો પૂરા પાડ્યાં છે. આવનારા સમયમાં વિકાસ અને અર્થતંત્રની પ્રગતિમાં ટેક્નોલોજી મુખ્ય પરિબળ બનવાની છે એ વાત નિશ્ચિત છે. ટેકનોલોજીના અને ઈમજ’ગ સેક્ટર્સમાં ગુજરાત મહત્વના પ્લેયર તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ગુજરાતમાં ત્રણ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થયાં છે.

# અંકલેશ્વરમાં પાંડે પરિવારના ચિરાગ સેવાંગના પ્રથમ જન્મદિવસની ઉજવણી

### તારલાઓના જમાવડામાં, મનોજ તિવારી અને સુનિલ પાલે આપી હાજરી

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વરમાં પાંડે પરિવારના આંગણે સેવાંગના પ્રથમ જન્મદિવસે સ્નેહ અને સિતારાઓનો સંગમ જોવા મળ્યો હતો.ભોજપુરી સુપરસ્ટાર મનોજ તિવારી અને હાસ્ય કલાકાર સુનિલ પાલ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મૂળ ઉત્તર પ્રદેશથી આવીને અંકલેશ્વરની પવિત્ર ભૂમિને પોતાની કર્મભૂમિ બનાવનાર અને રાજકીય, સામાજિક, શૈક્ષણિક તથા વેપાર ક્ષેત્રે આગવી પ્રતિષ્ઠા ધરાવતા પાંડે પરિવારના આંગણે ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. અનુરાગ પાંડેના સુપુત્ર સેવાંગના પ્રથમ જન્મદિવસની અત્યંત ભવ્ય અને



ગરિમાપૂર્ણ શૈલીમાં ઉજવણી કરવામાં આવી હતી. આ ખુશીના પ્રસંગે રાજકીય અને મનોરંજન જગતની અનેક નામી હસ્તીઓએ હાજરી આપી બાળક સેવાંગને દીર્ઘાયુના આશીર્વાદ પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલા ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને ભોજપુરી ફિલ્મોના સુપરસ્ટાર મનોજ તિવારી તથા જાણીતા હાસ્ય કલાકાર સુનિલ પાલે પોતાની ખાસ શૈલીમાં પાંડે પરિવારને શુભકામનાઓ આપી હતી. આ પ્રસંગે મનોજ તિવારીએ ગુજરાતની ભૂમિના ભૂરિ-ભૂરિ વખાણ કરતા જણાવ્યું હતું કે,ગુજરાત એ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા મહાન વિભૂતિઓની પવિત્ર ભૂમિ છે. અહીંના લોકોનો પ્રેમ અને સહકાર અદ્ભુત છે, જેના કારણે આજે સમગ્ર દેશ માટે ગુજરાત વિકાસનું રોલ મોડલ બન્યું છે. આ મંગળ પ્રસંગે ભાજપના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અરુણસિંહ રણા, ડી. કે. સ્વામી, રિતેશ વસાવા, ભાજપ જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદી તથા પૂર્વ ધારાસભ્ય દુષ્યંત પટેલ સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પાંડે પરિવારના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સમગ્ર આયોજન સ્નેહ, સન્માન અને આત્મીયતાથી સભર રહ્યું હતું.

# સિવિલમાં રેડિયોલોજી વિભાગમાં સોનોગ્રાફી અને એક્સ-રે માટે નવી ટોકન સિસ્ટમ શરૂ

સુરત, તા.૧૫

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા અને આરોગ્ય સેવાઓને વધુ સરળ તથા પારદર્શક બનાવવા માટે રેડિયોલોજી વિભાગમાં સોનોગ્રાફી અને એક્સ-રે માટે ’ટોકન સિસ્ટમ’નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થાથી હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓને લાંબી કતારોમાં ઊભા રહેવાથી મુક્તિ મળશે તેમજ ધક્કામુક્કી કે પડાપડી જેવી પરિસ્થિતિ નિવારી શકાશે.

આ ટોકન સિસ્ટમ રેડિયોલોજી વિભાગની મુખ્ય ઈમારત, કિડની બિલ્ડિંગ અને સ્ટેમસેલ બિલ્ડિંગ - એમ ત્રણેય જગ્યાએ શરૂ કરવામાં આવી છે. ટોકન સિસ્ટમ શરૂ થવાને કારણે દર્દીઓએ ઊભા રહેવાને બદલે આરામથી બેસીને પોતાની વારાફરતી રાહ જોઈ શકશે. સ્ટેમસેલ બિલ્ડિંગમાં સગર્ભા માતાઓ, નાના બાળકોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે એ માટે સોનોગ્રાફી તેમજ એક્સ-રે માટે બેસવાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ત્રણેય બિલ્ડિંગના રેડિયોલોજી વિભાગમાં નર્સિંગ સ્ટાફની ફાળવણી કરવામાં આવી છે, જેમના દ્વારા દર્દીઓને નિયમિતપણે ટોકન આપવામાં આવશે. તબીબો, સોનો એક્સપર્ટ્સ અને રિપોર્ટિંગ વિભાગના નિષ્ણાતો દ્વારા સોનોગ્રાફી, એક્સ-રે અને તાત્કાલિક રિપોટ’ગની કામગીરી સુચારૂ રૂપે પાર પાડવામાં આવશે.

તબીબી અધિક્ષક ડૉ. પારુલ વડગામાના માર્ગદર્શન અને આઈ.ટી. સિસ્ટમ મેનેજર વિરેનભાઈની જહેમત હેઠળ આ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. સ્ટેમસેલ બિલ્ડિંગના નોડલ ઓફિસર અને આર.એમ.ઓ. ડૉ. લક્ષ્મણ તેહલાણીની દેખરેખ રહેશે.

# BSNL દ્વારા સ્વતંત્રતા દિવસ નિમિત્તે નવી આકર્ષક યોજનાઓ લોન્ચ

## માત્ર ૧ રૂપિયામાં ૨૪ દિવસ માટે દરરોજ 1 GB ડેટા સાથે મળશે ફ્રી સિમ કાર્ડ

સુરત, તા.૧૫

ભારત સરકારના ઉપક્રમ BSNL દ્વારા ૧૫ ઓગસ્ટ-સ્વતંત્રતા દિવસના અવસર પર ગ્રાહકો માટે અત્યંત આકર્ષક અને કિફાયતી યોજનાઓ રજૂ કરવામાં આવી છે. દેશમાં જ નિર્મિત સ્વદેશી 4G નેટવર્ક ધરાવતા BSNL દ્વારા ૧૫મી ઓગસ્ટની સ્પેશ્યલ ઓફર અંતર્ગત માત્ર ૧ રૂપિયામાં ૨૪ દિવસ માટે દરરોજ ૧ GB ડેટા, અનલિમિટેડ કોલીંગ સાથે ફ્રી સિમ કાર્ડ આપવામાં આવશે.

ઘોડદોડ રોડ સ્થિત BSNL ની મુખ્ય ઓફિસ ખાતે મીડિયા પ્રતિનિધિઓ સાથે સંવાદ કરતા BSNL સુરત બિઝનેસ એરિયાના હેડ શ્રી સંજીવ સિંઘવીએ જણાવ્યું હતું કે, BSNL નું નેટવર્ક હવે સંપૂર્ણ સ્થિર છે અને અમે ટૂંક સમયમાં તેને 5G માં પણ અપગ્રેડ કરવા જઈ રહ્યા છીએ. દેશના દરેક નાગરિકને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ સુવિધા મળે એ અમારું લક્ષ્ય છે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે BSNL એ ૪૫૦ થી વધુ નવા ટાવર્સ ઉભા કર્યા છે, જેથી હવે કોઈ પણ અંતરિયાળ ગામડું નેટવર્ક વગરનું નહી રહે એમ જણાવી સ્વાતંત્ર્ય દિને BSNL ગ્રાહકોને આ આકર્ષક ઓફર્સનો લાભ લેવા અને ભારતનું પોતાનું સ્વદેશી નેટવર્ક અપનાવવા શ્રી સિંઘવીએ અનુરોધ કર્યો હતો.

સુરતવાસીઓને સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છા પાઠવતા તેમણે કહ્યું કે, BSNL દ્વારા રૂ.૧.૩૪ લાખની કિંમતનો અત્યાધુનિક સેટેલાઈટ ફોન લોન્ચ કરવામાં આવ્યો છે, જે કુદરતી આફતો કે નેટવર્ક વિહોણા અંતરિયાળ વિસ્તારોમાં પણ સંપર્ક જાળવી રાખવા માટે ઉપયોગી બનશે. હાઈ-સ્પીડ ઈન્ટરનેટના FTTH બ્રોડબેન્ડ પ્લાન (ગામડા માટે પ્રતિમાસ રૂ.૨૫૯ અને શહેરો માટે રૂ.૪૯૯) શરૂ કરાયા છે. જેમાં ૫૦૦ રૂ.સુધીનો ઈન્સ્ટોલેશન ખર્ચ લેવામાં નહી આવે. ઓફર્સનો લાભ લેવા અને વધુ વિગતો માટે નજીકની BSNL ઓફિસનો સંપર્ક કરવા જણાવ્યું હતું.




# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે મેયર માયાબેન માવાણીની અધ્યક્ષતામાં ’મશરૂમ ઉછેર તાલીમ’ યોજાઈ

સુરત, તા.૧૫

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત અને નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સુરતના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૦ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત ખાતે મેયરશ્રીમતી માયાબેન માવાણીની અધ્યક્ષતામાં પાંચ દિવસીય ’મશરૂમ ઉછેર વ્યવસાયિક તાલીમ’ યોજાઈ હતી. આ વ્યાવસાયિક તાલીમમાં સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૭૨ જેટલા ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા. મેયરશ્રીએ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત આવી વ્યવસાયિક તાલીમોનો મહત્તમ લાભ લઈ સ્વરોજગારી મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, તેમજ નવસારી કૃષિ યુનિ.ના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. હેમંત આર. શર્માએ જણાવ્યું હતું કે, ભારતમાં મશરૂમનું ઉત્પાદન અને વપરાશ પ્રમાણમાં ઓછો હોવાથી આ ક્ષેત્રમાં સ્વરોજગાર અને વ્યવસાયની ખૂબ મોટી તકો રહેલી છે. આ ઉપરાંત નાયબ બાગાયત નિયામક શ્રી સી. જી. પટેલે તાલીમાર્થીઓને મશરૂમ ઉછેર માટે સરકાર દ્વારા અપાતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

પાંચ દિવસીય તાલીમ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરતના વૈજ્ઞાનિક ડો. રાકેશ કે. પટેલ દ્વારા તાલીમાર્થીઓને થિયરી, મશરૂમની બેગ તૈયાર કરવાનો પ્રેક્ટિકલ અને સંપૂર્ણ ટેકનીકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમના ભાગરૂપે તાલીમાર્થીઓને ’માનસ એગ્રોટેક, ઈચ્છાપોર, સુરત’ ખાતે ઓઈસ્ટર મશરૂમની સ્પોન પ્રોડક્શન લેબની મુલાકાત કરાવવામાં હતી તેમજ ઉચ્ચ બજાર કિંમત ધરાવતા કોર્ડિસેપ્સ મશરૂમ વિશે પણ ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# કૃષિ મંગલ હોલ ખાતે ૧૦ દિવસીય ’રાખી મેળા’નો શુભારંભ

સુરત, તા.૧૫

સાંસદશ્રી મુકેશભાઈ દલાલના હસ્તે મજૂરાગેટ સ્થિત કૃષિમંગલ હોલ ખાતે ૧૦ દિવસીય રાખી મેળાનો શુભારંભ કરાયો હતો. રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. દ્વારા આયોજિત રાખી મેળામાં રાજ્યભરની મહિલા કારીગરો દ્વારા નિર્મિત પરંપરાગત અને ગૃહઉદ્યોગની વિવિધ કલાત્મક ચીજવસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવશે. ‘સ્નેહની રાખડી-સ્વાવલંબનની દોરી’ અને ‘હર ઘર સ્વદેશી-ઘર ઘર સ્વદેશી’ની થીમ સાથે આગામી ૧૦ દિવસ, તા.૨૩ ઓગસ્ટ સુધી સવારે ૧૧:૦૦થી રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી શહેરીજનોને ૨૨ સ્ટોલ્સ પર હેન્ડમેડ રાખડી, બ્યૂટી પ્રોડક્ટ્સ, હેન્ડલૂમ અને સુશોભનની વસ્તુઓ ખરીદવાની તક મળશે.

**THE BARODA RAYON CORPORATION LIMITED**

Reg. Office: P.O. Baroda Rayon, Fatehnagar, Udhna, Dist. Surat-394220 (T) 0261-2899555Email-admin@brcl.in CIN – L45100GJ1958PLC000892 website-www.brcl.in.

જુન ૩૦, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિકસમયગાળા માટેના અન-ઓડીટેડ અકલ નાણાકીય પરીણામોનો અહેવાલ

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે,ઓગસ્ટ૧૪, ૨૦૨૬ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં જુન ૩૦,૨૦૨૬ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર સમયગાળા માટે કંપનીના અન-ઓડીટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી હતી.

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ), રેગ્યુલેશન્સ, ૨૦૧૫ નારેગ્યુલેશન ૩૩ મુજબ સ્ટોક એક્ષ્ચેન્જ દાખલ કરેલ જુન ૩૦,૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિકસમયગાળા માટે કંપનીના અન-ઓડીટેડ અકલ નાણાકીય પરીણામોનો પ્રમાણે દર્શાવેલ છે. આ પરિણામોનું સંપુર્ણ બંધારણ કંપનીની વેબપેજ http://brcl.in/UploadedFile/CroproateAnnouncement/14082026142800346.pdf અને બીએસઈ સ્ટોક એક્ષ્ચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છેઅનેક્યુઆરકોડસ્કેનકરીનેએક્સેસકરીશકાયછે.

**તારિક : ૧૪/૦૮/૨૦૨૬ફોર ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમિટેડ**
**સ્થળ: સુરતસહી/-**

**દામોદરભાઈ પટેલ**
**મેનેજીંગ ડાઈરેક્ટર**
**ડીન-૦૦૦૫૬૫૧૩**

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka